## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની શાળામાં નવરાત્રિની ઉજવણી



વાપી : વાપીની ફેલોશિપ મિશન શાળામાં નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વિપુલ પટેલ (રોટરી ડિસ્ટ્રિક્ટ ગવર્નર) તથા જયેશ કંસારા (વાપી મનપાના કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય) ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે શિવાંગી ઠક્કર, હાર્દિક ટેલર અને ડિમ્પલ ટેલર ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાના વિદ્યાર્થીઓ તથા વાલીઓ વિવિધ રંગબેરંગી પરંપરાગત પોશાક ધારણ કરીને ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા અને ગરબાની રમઝટ બોલાવી હતી. ગરબા સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલૈયાઓને ભેટ અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. શાળાના ડિરેક્ટર સી. વી. મેથ્યુ તથા આચાર્ય સંદીપ મરહઠ્ઠાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવની ઉજવણી સંપન્ન થઈ હતી.

### રાજ્યકક્ષાએ સ્કેટિંગમાં નવસારીની પર્લ પટેલ દ્વિતીય સ્થાને




નવસારી: નવસારીની જાણીતી ભક્તાશ્રમ અંગ્રેજી માધ્યમ શાળાની ધોરણ 11 સાયન્સની વિદ્યાર્થિની પર્લ કે. પટેલે ખેલ મહાકુંભની સ્કેટિંગ સ્પર્ધામાં 500 મીટર અને 1000 મીટર સ્કેટિંગ સ્પર્ધામાં અંડર-17 કેટેગરીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિદ્યાર્થિનીની આ સફળતા બદલ ભક્તાશ્રમ શાળાના પ્રમુખ ભાસ્કરભાઈ ભક્ત, મંત્રી નિરવભાઈ ભક્ત, સહમંત્રી મિતેશભાઈ ભક્ત, શાળાના કેમ્પસ ડિરેક્ટર ધર્મેશભાઈ કાપડિયા, માધ્યમિક શાળાના આચાર્ય પરિમલભાઈ પટેલ તથા પ્રાથમિક શાળાનાં આચાર્યા મયુરીબેન સોલંકી સહિત શાળા પરિવાર દ્વારા પર્લ પટેલ અને તેને તૈયાર કરનાર શિક્ષક રઘુવીર ચૌધરીને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

### વાંસદાના ખડકિયા ગામમાં શરદ પૂર્ણિમાએ ગરબા મહોત્સવ યોજાયો



નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા તાલુકાના ખડકિયા ગામે આવેલા પવિત્ર ઉપવન ખાતે શરદ પૂર્ણિમાના પાવન અવસરે સોનાજળ ગરબા મંડળ દ્વારા ભવ્ય ગરબા મહોત્સવ અને ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત પી.આઈ. કિરણ પાડવી સહિતના મહાનુભાવોના હસ્તે સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહક ઇનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. પીઆઈ કિરણ પાડવી, શિક્ષક પ્રિતેશ પટેલ અને કોર્ટ આસિસ્ટન્ટ વિપુલ દેશમુખ તથા આગેવાનો દ્વારા બાળકોને ટ્રોફી અને શૈક્ષણિક કીટનું ઇનામ પૂરું પાડવામાં આવ્યું હતું. સ્પર્ધામાં બાળકોએ વિવિધ પાત્રો અને વેશભૂષા દ્વારા પોતાની કલાત્મકતા, કલ્પના શક્તિ અને અભિવ્યક્તિનું સુંદર પ્રદર્શન કર્યું હતું. બાળકોના ઉત્સાહ અને તેમની મનમોહક રજૂઆતે ઉપસ્થિત સૌનાં મન મોહી લીધાં હતાં.

### બીલીમોરાના દેવસર નવનાથ ધામમાં શરદ પૂર્ણિમાએ દુધોત્સવ ઉજવાયો



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીક આવેલા દેવસર નવનાથ ધામમાં શરદ પૂર્ણિમા દુધોત્સવમાં ૩૫૦૦ લીટર દૂધનો મહાપ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતો. દૂધનો મહાપ્રસાદ એ શરદ પૂર્ણિમા ઉત્સવની એક ખાસ વિશેષતા છે. નવનાથ ધામમાં વર્ષોની પરંપરા અનુસાર થતાં શરદ પૂર્ણિમા મહોત્સવમાં દૂધના મહાપ્રસાદનું સમગ્ર નાથ સંપ્રદાય અને ભક્તો માટે અનેરું માહાત્મ્ય છે. શરદ પૂર્ણિમાના દિવસે સવારથી જ નવનાથ ધામ ખાતે હજારોની સંખ્યામાં ભાવિક ભક્તોનું આગમન શરૂ થઇ ગયું હતું. શરદ પૂર્ણિમાએ રાતના ૧૨ વાગે ચંદ્રના શીતળ કિરણો વચ્ચે નવનાથ ધામના વર્તમાન ગાદીપતિ છોટેદાદા દ્વારા શાબરી મંત્રોચ્ચારણ સાથે જડીબુટ્ટી યુક્ત દૂધનો આરોગ્યવર્ધક અને સુખાકારી મહાપ્રસાદ તૈયાર કરાયો હતો.આ દૂધનો મહાપ્રસાદ ગ્રહણ કરવાથી અનેક પ્રકારના અસાધારણ રોગો અને કષ્ટો દૂર થયાના અનુભવો હજારો ભક્તોને અનુભવો છે. ત્યારબાદ મધ્યરાત્રિએ દૂધનો મહાપ્રસાદન લાભ લઈ ધન્યતા અનુભવી હતી. છેલ્લા ૬૦ વર્ષશ્રી નવનાથ ધામ બીલીમોરા ખાતે ઉજવાતો શરદપૂર્ણિમા દૂધોત્સવને Limca બુક ઓફ રેકોર્ડસ માં પણ સ્થાન મળેલું છે.

### તલાવચોરાની આઈ. સી. દેસાઈ હાઈસ્કૂલની વિજય હજારે ટુર્નામેન્ટમાં સિધ્ધિ



ધર્મેશ પટેલ

ઘેજ : આઈ. સી. દેસાઈ હાઈસ્કૂલ અને આર. ડી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, તલાવચોરાના વિદ્યાર્થી સિધ્ધ પ્રિન્ટેશકુમાર પટેલે ક્રિકેટ ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. અંડર ૧૬ માં કેપ્ટન વિજય હજારે ટુર્નામેન્ટ, બરોડા મુકામે યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં સિધ્ધ પ્રિન્ટેશકુમાર પટેલે જિલ્લાની સંયુક્ત ટીમ તરફથી રમતા કુલ 12 ઇનિંગ્સમાં 443 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેમણે 72 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા તેમજ 1 સદી નોંધાવી હતી. તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેમને “બેસ્ટ બેટ્સમેન તરીકે ની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત અંડર ૧૬ માં ચેલેન્જર મેચમાં પણ સિધ્ધે શાનદાર બેટિંગ કરતાં 6 ઇનિંગ્સમાં કુલ 205 રન બનાવ્યા હતા, જેમાં 43 ચોગ્ગા અને 1 સદીનો સમાવેશ થાય છે. સિધ્ધની આ ઉત્કૃષ્ટ ક્રિકેટ સિધ્ધિ બદલ શાળાના આચાર્ય અનિલ ટંડેલ તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# વલસાડ જિલ્લામાં ઓછો વરસાદ છતાં ડાંગરના પાકને રાહત

**ગત** વર્ષની સરખામણીએ આ વર્ષે નુક્સાની ટળી, ૩૫ હેક્ટર વિસ્તારમાં ડાંગરની કાપણી સંપન્ન



વલસાડ : આ વર્ષે ટુંકા સમયમાં ભારે વરસાદ વરસી ગયો હતો. જેના કારણે વરસાદનું પાણી વહી ગયું હતુ અને સમગ્ર ગુજરાતમાં દુકાળની પરિસ્થિતિ ઉભી થઇ છે. જેને લઇ ખેડૂત આલમમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જેની સામે આ વર્ષે વલસાડમાં ઓછા પાણીના કારણે પાક ભલે થોડો ઓછો થયો છે, પરંતુ ગત વર્ષની જેમ નુકશાની થઇ ન હોવાનું જોવા મળ્યું છે. આ વર્ષે કમોસમી વરસાદ ન વરસતાં જિલ્લામાં 35 હેક્ટર જેટલા વિસ્તારમાં ડાંગરની કાપણી પણ થઇ ગઇ છે.

વલસાડ ખેતીવાડી વિભાગમાંથી મળતી વિગત મુજબ, વલસાડ જિલ્લામાં અંદાજીત 70 હેક્ટરમાં ડાંગરની ખેતી થાય છે. ડાંગર વલસાડ જિલ્લાનો મુખ્ય પાક છે. જેના માટે પાણીની વ્યાપક જરૂરિયાત હોય છે. વલસાડમાં આ વર્ષે ભારે વરસાદ પડ્યો પરંતુ ટુંકા સમયમાં જ મહત્તમ વરસાદ વરસી જતાં પાણી વહી ગયું હતુ. જેના કારણે ખાસ કરીને ધરમપુર કપરાડા વિસ્તારમાં ડાંગરનો પાક 7 થી 10 ટકા જેટલો ઓછો આવ્યો છે. જોકે, તેની સામે આ વર્ષે કમોસમી વરસાદ ન વરસતાં ખેડૂતોને નુકશાની ગઇ નથી. જેને લઇ હાલ રાહતની લાગણી ફેલાઇ છે. ગત વર્ષે ઓક્ટોબર માસ સુધી વરસાદ વરસ્યો હતો. જેના કારણે સમગ્ર જિલ્લામાં વ્યાપક નુકશાન થયું હતુ.

વલસાડ ખેતીવાડી અધિકારી એ. એમ. ગરાસિયાએ જણાવ્યું કે, ગત વર્ષે વરસાદ નવરાત્રિ સુધી આવ્યો હતો. જેના કારણે વ્યાપક નુકશાની ગઇ હતી. સરકારે રૂપિયા 55 કરોડનું પેકેજ જાહેર કરવું પડ્યું હતુ. જેમાં ખેડૂતોને નુકશાની ચૂકવાયા પછી પણ નુકશાની થઇ હતી. પશુઓ માટેના ઘાસચારાનું પણ વ્યાપક નુકશાન થયું હતુ. જ્યારે આ વર્ષે પાછળથી વરસાદ ન હોવા છતાં સ્થિતિ સારી છે. જિલ્લામાં અડધા જેટલી લણણી થઇ ગઇ છે. જેને લઇ આ વર્ષે થોડી રાહતનો શ્વાસ લીધો છે. હવે કમોસમી વરસાદ ન આવે તો કોઇ તકલિફ ઉભી થશે નહી.

# ૪.૨૭ લાખ વ્યાજ ચૂકવ્યા છતાં વ્યાજખોરે કાર પડાવી લીધી

**૩.૫૦** લાખ સામે દર મહિને ૧૬% લેખે રૂપિયા ૫૬ હજારનું વ્યાજનું ઉઘરાવાયું

નવસારી : નવસારીના કોર્ટ મહોલ્લા સ્થિત મદીના પેલેસમાં રહેતા અને કાપડનો વેપાર કરતા ૩૮ વર્ષીય સુમૈયાબેન કબીર શેખે નાણાં ધીરધાર અને ધાકધમકી અંગે બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ અનુસાર, સુમૈયાબેને ફાયનાન્સ કંપની દ્વારા સીઝ કરાયેલી પોતાની અર્ટિગા કાર (GJ-21-CD-0482) છોડાવવા માટે નવીન નગરના ઝૈદમહમદ શાહિદ શેખ (ઉર્ફે ઓલપાડીયા) અને મહમદશાહીદ અબ્દુલ રહેમાન શેખ પાસેથી માસિક ૧૬% વ્યાજે રૂ. ૩.૫૦ લાખ લીધા હતા. આ નાણાકીય વ્યવહાર દરમિયાન સુરક્ષા પેટે કારનું લખાણ કરાવી ટી.ટી.ઓ. ફોર્મ પર સહીઓ કરાવી લેવામાં આવી હતી.

સુમૈયાબેને ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ગૂગલ પે અને રોકડ મારફતે પ્રતિ માસ રૂ. ૫૬ હજાર લેખે કુલ રૂ. ૪.૨૭ લાખ માત્ર વ્યાજ પેટે ચૂકવી દીધા હતા. આટલું ભારે વ્યાજ ચૂકવ્યા છતાં, બંને શખ્સોએ તેમની અર્ટિગા કાર બળજબરીપૂર્વક કબ્જે કરી લીધી હતી. આ ઉપરાંત, ફરિયાદી અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપીને મૂળ મૂડી તથા વધુ વ્યાજના નામે રૂ. ૧૦ લાખની ગેરકાયદે માગણી કરવામાં આવી રહી હતી.

આ મામલે નવસારી ટાઉન પોલીસે સુમૈયાબેનની ફરિયાદના આધારે બંને શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. પીએસઆઈ એમ. એ. ચૌહાણ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**રાજકીય સમીકરણો બદલાતા અને મતભેદો ઊભા થતાં રાજકીય ખેંચતાણ**

# ઔદ્યોગિક અને બિન-કૃષિ બાંધકામ આકારણીના ઠરાવો અટકાવવા રજૂઆત

**સરીગામ** ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં હોબાળો

**કાર્યવાહી** નોંધને પણ બહાલી ન આપવા માટે લેખિતમાં માંગણી કરવામાં આવી

**સરપંચની** અધ્યક્ષતામાં મળેલી બેઠક ગણતરીની મિનિટોમાં આટોપી લેવાઈ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરીગામ ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં ઔદ્યોગિક એકમો, બંગલા અને રો-હાઉસ બિલ્ડિંગની બાંધકામ આકારણી તેમજ મંજૂરીના ઠરાવો સંબંધિત કાર્યવાહી ન કરવા માટે સભ્યો દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

સરીગામ ગ્રામ પંચાયતના સરપંચ સહદેવભાઈ વઘાતના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા યોજાઈ હતી. આ બેઠકમાં ઉપસરપંચ સહિત ૧૦ જેટલા સભ્યોએ સરપંચ અને તલાટીને લેખિત રજૂઆત કરી હતી કે ઔદ્યોગિક એકમોની બાંધકામ પરવાનગી, આકારણી તેમજ બંગલા-રો હાઉસની અરજીઓ આજની સભામાં વિગતવાર રજૂ કરવામાં આવી ન હોય, જેથી આ અંગેના ઠરાવોની કાર્યવાહી હાલ પૂરતી મોકૂફ રાખીને નિકાલ અર્થે બાકી રાખવામાં આવે. આ ઉપરાંત, ગત ૨૨ જૂન ૨૦૨૬ના રોજ મળેલી કારોબારી સમિતિની સભાની કાર્યસૂચિ ક્રમાંક-૩ ની કાર્યવાહી નોંધને પણ બહાલી ન આપવા માટે લેખિતમાં માંગણી કરવામાં આવી હતી. સભ્યોના ભારે વિરોધ અને વિવાદ વચ્ચે ગ્રામ પંચાયતની સભા ગણતરીની મિનિટોમાં જ આટોપી લેવામાં આવી હતી. સ્થાનિક ચર્ચાઓ મુજબ, રાજકીય સમીકરણો બદલાતા અને મતભેદો ઊભા થતાં પંચાયતમાં રાજકીય ખેંચતાણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

# નાનાપોંઢા-નાસિક માર્ગ પર કુંભઘાટની ખાડીમાં કેમિકલ ઠાલવવાનો પર્દાફાશ

**ખાડીનું** પાણી રંગીન બનતા ગ્રામજનોમાં રોષ, સ્થાનિકોએ ટેમ્પો ઝડપી પાડ્યો



વલસાડ : નાનાપોંઢા-નાસિક માર્ગ પર કુંભઘાટ વળાંક નજીક આવેલી નાની ખાડીમાં અજાણ્યા શખ્સો દ્વારા કેમિકલ ભરેલા ડ્રમ ખાલી કરવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન સ્થાનિક લોકોએ એક ઈસમને ઝડપીને પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે, આ કેમિકલ અંકલેશ્વર લઈ જવામાં આવી રહ્યું હતું. રસ્તામાં ટેમ્પો પલટી ખાઈ જતાં કેમિકલ અન્ય વાહનમાં ભરવામાં આવ્યું હતું, પરંતુ ડ્રમ લીકેજ હોવાથી તેને રસ્તાને અડીને આવેલી ખાડીમાં ઠાલવી દેવાનો કારસો રચાયો હતો.

કેમિકલ પાણીમાં ભળતા જ ખાડીનું પાણી રંગીન થઈ ગયું હતું. ઉલ્લેખનીય છે કે આ ખાડીના પાણીનો ઉપયોગ ગ્રામજનો પીવા, ન્હાવા અને પશુઓને પાણી પીવડાવવા માટે કરે છે. ઘટનાની જાણ થતાં ગ્રામજનોએ સ્થળ પર જઈને કેમિકલ ભરેલા આઈસર ટેમ્પોને રોકી રાખ્યો હતો અને પોલીસને જાણ કરી હતી. નાનાપોંઢા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે, જોકે આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી.

### ખેરગામમાં ગાંજા સાથે એક ઝડપાયો

ખેરગામ : ખેરગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગાંજા સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે પોલીસે એન.ડી. પી.એસ.એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ખેરગામ બંધાડ ફળિયા તળાવ પાસેની ખુલ્લી જગ્યામાં બાતમીના આધારે રેઈડ કરતા દિવ્યેશ પટેલ (ઉ.આ.૨૨, રહે.ખેરગામ, શામળા ફળિયા)ના કબજામાંથી ૦.૦૧૬ કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજો (કિંમત રૂપિયા ૮૦૦), મોબાઈલ ફોન અને મોપેડ મળી કુલ રૂપિયા ૬૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ ગાંજો ચીખલીના આમધરા ખાતે રહેતા રવિ ઉર્ફે રાહુલ શુક્લા નામના શખ્સે પૂરો પાડ્યો હોવાનું સામે આવતાં તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ બાબતે પો.સ.ઈ. એચ.એસ. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે.

# વલસાડમાં દવાઓનું ગેરકાયદે વેચાણ કરતાં 50 સ્ટોર્સને નોટિસ

**પ્રતિબંધિત** કફ સિરપ અને નશાકારક દવાઓનું પ્રિસ્ક્રિપ્શન વગર વેચાણ કરતા કારણદર્શક નોટિસ ફટકારાઈ

વલસાડ : વલસાડ જિલ્લામાં નશાના વધતા દૂષણ વચ્ચે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે મેડિકલ સ્ટોર્સમાં ગેરકાયદે રીતે વેચાતી નશાકારક દવાઓ સામે તપાસ અભિયાન હાથ ધર્યું છે. જિલ્લામાં પોલીસ દ્વારા ડ્રગ્સ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલી કાર્યવાહી ઉપરાંત, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે છેલ્લા એક મહિનાથી દવાઓની આડમાં ચાલતા નશાના કારોબારને ડામવા માટે વ્યાપક ચેકિંગ શરૂ કર્યું હતું. જેમાં તેમને કેટલાક મેડિકલ સ્ટોર્સમાં પ્રતિબંધિત કફ સિરપ તેમજ અન્ય દવાઓનું આડેધડ વેચાણ થતું જોવા મળ્યું હતુ. તેમના તપાસ કરાયેલા 60 પૈકી 50 મેડિકલ સ્ટોર્સમાં કોઈને કોઈ તૃટી મળી આવી હતી.

તેમના આ તપાસ અભિયાન દરમિયાન અનેક મેડિકલ સ્ટોર્સમાં નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું જોવા મળ્યું હતું. કેટલાક સ્ટોર્સમાંથી બિનઅધિકૃત નશાકારક દવાઓનો જથ્થો મળી આવ્યો હતો, જ્યારે કેટલાક મેડિકલ સ્ટોર્સ લાયસન્સ ધરાવતા ક્વોલિફાઈડ કેમિસ્ટની હાજરી વગર જ ધમધમી રહ્યા હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત સરકાર દ્વારા નિર્ધારિત કરાયેલી પ્રતિબંધિત કે શેડ્યૂલ દવાઓનું પ્રિસ્ક્રિપ્શન વગર ગેરકાયદે વેચાણ થતું હોવાનું પણ વિભાગના ધ્યાને આવ્યું હતું. આવી ગંભીર બેદરકારી અને નિયમભંગ બદલ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કડક વલણ અપનાવીને અત્યાર સુધીમાં 50 જેટલા મેડિકલ સ્ટોર્સ સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે અને તમામને કારણદર્શક (શો-કોઝ) નોટિસ પાઠવી છે. વિભાગના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ અભિયાન ખાસ કરીને નશા તરીકે વપરાતી દવાઓના અનિયંત્રિત વેચાણને અટકાવવા માટે જ કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં પણ સમગ્ર જિલ્લામાં આ પ્રકારનું સઘન ચેકિંગ ચાલુ રાખી કડક પગલાં ભરવામાં આવશે.

# બોરીયાછ ગામે મકાનમાંથી ગાંજા સાથે યુવક ઝડપાયો

વાંસદા : વાંસદા પોલીસને ખાનગી રાહે મળેલી બાતમીના આધારે વાંસદા તાલુકાના બોરીયાછ ગામના ખોરા ફળિયામાં રહેતા સાહીલ દેશમુખના રહેણાંક મકાનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ઘરમાં એક ડબ્બામાં ગેરકાયદે રીતે સંતાડીને રાખેલો ૮૪ ગ્રામ ગાંજો કિંમત રૂપિયા ૪,૨૦૦ મળી આવ્યો હતો. આ ઉપરાંત આરોપી પાસેથી મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૯,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી યુવકને ઝડપી પાડ્યો હતો. આ ગાંજો પૂરો પાડનાર મોળાઆંબા ગામના વંશુભાઈ તથા કરણ પઢેરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.






# વલસાડ જિલ્લાના પૂરપીડિતોને હજુ સહાય ન મળ્યાની ફરિયાદ

**સામાજિક** કાર્યકર અને પાલિકાના માજી પ્રમુખની રજૂઆત બાદ સરવેની કામગીરી સામે શંકા

વલસાડ : વલસાડ જિલ્લામાં ચાલુ વર્ષના જુલાઈ માસમાં ભારે વરસાદને પગલે આવેલા પૂરના કારણે અનેક પરિવારોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. ખાસ કરીને વલસાડ શહેરમાં અનેક લોકોનાં ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરી સહિતની મિલકતોને વ્યાપક નુકસાન થયું હતું. કેટલાક પરિવારોને 80 ટકા જેટલું નુકસાન થયું હોવા છતાં સરકારી સહાયરૂપે મળતી કેસડોલની રકમ ન મળી હોવાની ફરિયાદો ઊઠી હતી. આ અંગે સામાજીક કાર્યકર ભાવેશકુમાર પટેલે ફરિયાદ કરવા છતાં આ સમસ્યા અંગે ઉકેલ આવ્યો ન હતો. ત્યારબાદ પાલિકાના માજી પ્રમુખે પણ આ મુદ્દો સોશ્યલ મીડિયા પર ઉછાળ્યો છે.

પૂર બાદ વહીવટી તંત્ર દ્વારા નુકસાનનો સર્વે કરવામાં આવ્યો હતો. અસરગ્રસ્ત પરિવારોને સરકારી સહાય મળી રહે તે હેતુથી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, સર્વે અને જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ કેટલાક પૂરપીડિત પરિવારોને કેસડોલની સહાય મળી ન હોવાની ફરિયાદો સામે આવી હતી. આથી અસરગ્રસ્ત પરિવારોમાં નારાજગી જોવા મળી રહી છે. અનેક ગરીબ લોકોને સહાયના નામે એક રૂપિયો પણ મળ્યો નથી. આવા અનેક અસરગ્રસ્તો ધીમે ધીમે બહાર આવ્યા હતાં. ત્યારે વહીવટી તંત્ર દ્વારા રાહતની કામગીરી બાદ કેશડોલ વિતરણ અંગેના સરવે અને તેની કામગીરી સામે શંકા ઉઠી રહી છે.

આ મુદ્દે સામાજિક કાર્યકર ભાવેશ પટેલે અગાઉ વલસાડના મામલતદારને લેખિત રજૂઆત કરી હતી. તેમની ફરિયાદ બાદ પણ કોઈ નિવેડો આવ્યો ન હતો. ત્યારબાદ વલસાડ પાલિકાના માજી પ્રમુખ રાજુ મરચાંએ હાલ આ મુદ્દો ફરીથી ઉંચકી જેમને સહાય ન મળી હોય એવા અસરગ્રસ્તોના વિડિયો લઇ સોશ્યલ મીડિયામાં વાઈરલ કર્યા હતા. જેને લઇ વહીવટી તંત્રીની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. હવે આ મામલે વહીવટી તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે અને સહાયથી વંચિત રહેલા પૂરપીડિત પરિવારોને ક્યારે રાહત મળે છે તેના પર અસરગ્રસ્તોની નજર મંડાયેલી છે.

### જોરાવાસણ-ડુંગરી વચ્ચે ટ્રેનમાંથી પડી જતા અજાણ્યાનું મોત

બીલીમોરા : બીલીમોરા નજીકના જોરાવાસણ અને ડુંગરી રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેનમાંથી પડી જતા યુવકનું મોત નીપજ્યું હતું. મરનાર રંગે ઘઉંવર્ણા, ઊંચાઈ ૫ ફૂટ ૪ ઈંચ, શરીરે કાળા સફેદ ડિઝાઈન વાળો આખી બાયનો શર્ટ પહેર્યો છે. પગમાં સફેદ કલરના સ્પોર્ટ શૂઝ પણ છે. વાલી વારસોએ બીલીમોરા રેલવે આઉટ પોસ્ટના એએસઆઈ ભાવસીંગભાઈનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.


## જાહેર નોટીસ

મોજે: અંબાડા, તા. જી. નવસારીની સીમમાં આવેલ **શીટ/ટીકા નં. NA99, સિટી સર્વે નંબર NA893, ક્ષેત્રફળ ૨૧૨૫.૦૦ ચો.મી.** વાળી જમીનના માલિક **મહેન્દ્રભાઈ લખુભાઈ બ્રાહમણીયા**, રહે. ૨૬/૪, યોગીનગર, છાપરા રોડ, નવસારી, તા. જી. નવસારી ૩૯૬૪૪૫ નાઓએ તેઓની સ્વતંત્ર માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદર જમીન હમારા અસીલ ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખી પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં ટાઈટલ અંગેની કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા-વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

હમારી સુચનાથી,

તા. ૨૬-૧૦-૨૦૨૬

**કિરણ ભગુભાઈ પટેલ** (એડવોકેટ)

ચલમ ફળીયુ, મુ.પો. કસ્બાપાર, તા. જી. નવસારી. મો.: 9909097429



## જાહેર ચેતવણી

જત હમારા અસીલ પ્રકાશભાઈ વાલજીભાઈ પટેલ, રહે. શ્રીજીકૃપા, કલમપાર્ક સોસાયટી, રામજી મંદિર પાસે, જલાલપોર, તા. જલાલપોર, જી. નવસારીનાઓની સૂચના અને ફરમાઈશ અન્વયે જાહેર જનતાને જણાવવાનું કે,

નીચે જણાવેલ વિગત અને વર્ણનવાળી મિલકત જમીનના મૂળ માલિકો ના પાવરદાર તરીકે ફીરોઝા સુલેમાન તથા અબુબક્કર પટેલ, બંને રહે. સાઉથ આફ્રિકાનાઓ પાસેથી સાટાખત રૂએ શ્રી નટવરભાઈ લલ્લુભાઈ મૈસુરીયા, રહે. દેસાઈ ફળિયા, મુ.પો. અંબાડા, તા. જી. નવસારીનાઓએ વેચાણથી રાખેલ હોવાનું જણાવેલ અને તે જમીનોના શ્રી નટવરભાઈ મૈસુરીયા વહીવટકર્તા અને વેચાણ આપવા માટે સક્ષમ હોવાની જાહેરાત કરી હમારા અસીલને વચન, વિશ્વાસ અને ભરોસો આપી નીચે જણાવેલ મિલકતો હમારા અસીલને તા. ૦૫-૦૪-૨૦૨૪ ના રોજ નોટરીશ્રી પીયુષકુમાર પી. પટેલ નાઓના રૂબરૂ એક નોટરી સાટાખત સીરીયલ નં. ૪૫૯૯/૨૦૨૪ થી નોંધણી કરાવી ઘણી મોટી વેચાણ અવેજની રકમ હમારા અસીલ પાસેથી મેળવેલ છે અને સદર મિલકતમાં હમારા અસીલનો વેચાણ હકકે સાટાખત દ્વારા માલિક બનતા હકક, હિત, હિસ્સો સમાયેલ છે. અને હમારા અસીલને મળતા માહિતી મુજબ સદર મિલકતના મૂળ માલિકો તથા શ્રી નટવરભાઈ લલ્લુભાઈ મૈસુરીયાનાઓ એકબીજાના મેળાપીપણામાં સદર મિલકતો અન્ય વ્યક્તિઓને વેચાણ કરવાની પેરવી કરી રહેલ છે. અને તે બાબતે જાહેર જનતાને જણાવવાનું કે, હમારા અસીલની પરવાનગી વિના સદર મિલકતને લાગતા વેચાણ, ટ્રાન્સફર કે અન્ય કોઈ પ્રકારના કે નાણાકીય વ્યવહારો હમારા અસીલની લેખિત પરવાનગી વિના કરવા કરાવવા નહીં. જો કોઈ વ્યક્તિ આવું કોઈ કૃત્ય કરશે કરાવશે તો તેમને કોઈ રાઈટ ટાઈટલ પ્રાપ્ત થશે નહીં. ઉલટાનું તેવી વ્યક્તિઓ વિરૂધ્ધ અને તેમાં સહભાગી થનાર વ્યક્તિઓ વિરૂધ્ધ હમારા અસીલ દિવાની યા ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરશે. જેની જાહેર જનતાને ગંભીર નોંધ લેવી.

:: **મિલકતનું વર્ણન** ::

જીલ્લા નવસારીના તાલુકા નવસારીમાં આવેલ ખેતીની જમીનો જેની વિગત નીચે મુજબ છે.

| ગામનું નામ | બ્લોક/સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | આકાર રૂા. પૈસા | ખાતા નંબર |
|---|---|---|---|---|
| મુનસાડ | ૯૮૬ | ૦-૪૪-૫૨ | ૧૫.૩૭ | ૧ |
| મુનસાડ | ૯૯૫ | ૦-૪૨-૪૯ | ૫.૫૬ | ૧ |
| ભટ્ટાઈ | ૨૨૫ | ૦-૫૦-૫૮ | ૬.૦૦ | ૧૧ |
| નશીલપોર | ૬૫ | ૦-૦૮-૧૭ | ૨.૪૦ | ૧૦૧ |
| નશીલપોર | ૩૧૪ | ૦-૧૩-૨૩ | ૧.૬૫ | ૧૦૧ |

હમારા અસીલની સુચનાથી,

તા. ૨૬-૧૦-૨૦૨૬

**સમીર વાય. શેખ** (એડવોકેટ)

૩૦૧, ત્રીજો માળ, ઓમ આર્કેડ, જુનાથાણાથી કાલિયાવાડી મેઈન રોડ, નવસારી, તા. જી. નવસારી.મો: ૯૯૭૯૭૩૧૫૪૩